
# વાર્ષિક અહેવાલ

## ૨૦૨૩-૨૦૨૪

## હરિઃૐ આશ્રમ, સુરત.







## પૂજ્ય શ્રીમોટાનાં વહાલા સ્વજનો તથા આમંત્રિત મહેમાનો,

પૂજ્ય શ્રીમોટાના ૮૬મો સાક્ષાત્કાર દિન રામનવમી મિલન સમારંભ દિન તા. ૨૮/૦૪/૨૦૨૪માં આપ સૌનું સ્વાગત કરતા આનંદ અને ઉત્સાહની લાગણી અનુભવીએ છીએ. આજના મિલન સમારંભમાં આશ્રમનો અહેવાલ રજૂ કરીએ છીએ.

### આશ્રમની પાયાની પ્રવૃત્તિ મૌનઓરડાઓનું સંચાલન : વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

વર્ષ દરમિયાન કુલ ૪૯૩ મૌનાર્થીઓએ મોનમંદિરનો લાભ પ્રાપ્ત કર્યો છે

| | | |
|---|---|---|
| પુરૂષો | : | ૩૧૩ |
| બહેનો | : | ૧૮૦ |
| કુલ | : | ૪૯૩ |

| | | |
|---|---|---|
| ૨૧ દિવસ માટે | : | ૪૦ મૌનાર્થી |
| ૧૪ દિવસ માટે | : | ૨૭ મૌનાર્થી |
| ૭ દિવસ માટે | : | ૧૩૫ મૌનાર્થી |
| ૧-૨-૩ દિવસ માટે | : | ૨૯૧ મૌનાર્થી |
| કુલ | : | ૪૯૩ મૌનાર્થી |

**લોક કલ્યાણનાં કામો :**
પૂજ્ય શ્રીમોટાના સૂચન મુજબ આશ્રમ થકી દક્ષિણ ગુજરાતના ઊંડાણના વિસ્તારમાં આવેલ શાળાઓના ઓરડાઓ, રસોડા, છાત્રાલયો તથા અન્ય ભૌતિક સુવિધા માટેની આર્થિક સહાય જે તે સંસ્થાને કરવામાં આવે છે. આ અંગે અનુદાન આપતા પહેલા અને કામ પૂર્ણ થયા બાદ આશ્રમના પ્રતિનિધિઓ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે અને કાર્ય પૂર્ણ થાય બાદ જ રકમની ચુકવણી કરવામાં આવે છે.

**વર્ષ દરમ્યાન લાભાર્થી સંસ્થાઓને ચૂકવેલી સહાય :**
પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પછી તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં રૂપિયા ૧૯,૫૫,૫૫,૬૯૬/- અંકે રૂપિયા ઓગણીસ કરોડ પંચાવન લાખ પંચાવન હજાર છસો છનું પૂરાં ની સહાય થકી ૯૬૨૧ શાળાઓના ઓરડાઓ, છાત્રાલયોનાં હોલ અને શિક્ષણને અનુરૂપ ભૌતિક સુવિધા તેમજ બાળકોમાં ગુણ અને ભાવનો વિકાસ થાય તેવી યોજનાઓ અંગે તથા રમત-કલા-વિરતા અંગેના એવોર્ડ માટે અનુદાન આપવામાં આવ્યું છે.

**નિબંધ/વકતૃત્વ/ચિત્રકામ/કવીઝ/ક્રાફ્ટ સ્પર્ધા :**
ઊંડાણના ગામડાઓની શાળાઓમાં પૂજ્ય શ્રીમોટાનાં જીવન અને કાર્ય વિષયે વિવિધ સ્પર્ધાઓમાં ધોરણ ૪ થી ૧૨ના બાળકોએ ભાગ લીધો છે. સ્પર્ધામાં ભાગ લેનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર બાળકોને રોકડ પારિતોષિક તથા સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને આશ્વાસન ઈનામરૂપે પૂજ્ય શ્રીમોટાનો ફોટો /સાહિત્ય આશ્રમ તરફથી ભેટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં ૧૧૨૬ બાળકોને રૂા. ૧,૨૦,૨૦૦/- ના રોકડ ઈનામ તથા રૂા. ૨૪,૪૦૦/- ની કિંમતના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે. શાળાના કાર્યક્રમમાં આશ્રમના પ્રતિનિધિઓ હાજર રહે છે.

# આવકજાવક પત્રક તા. ૩૧-૦૩-૨૦૨૪

## સરવૈયા ફંડ તથા આવક જાવક પત્રક ઊપજખર્ચના અનઑડિટેડ આંકડા :-

| ક્રમ | ખાતાનું નામ | ખુલતી સિલક | આવક | જાવક | બંધ સિલક |
|---|---|---|---|---|---|
| | | 1-04-2023 | 1-04-2023 થી 31-03-2024 | 1-04-2023 થી 31-03-2024 | 31-03-2024 |
| 1 | કેળવણી ફંડ | 68,04,295/- | 28,21,842/- | 10,94,608/- | 85,31,529/- |
| 2 | કાયમી નિભાવ ફંડ | 62,61,257/- | - | - | 62,61,257/- |
| 3 | રમત/કલા/વીરતા/ મૌલિક સંશોધન એવોર્ડ ફંડ | 26,49,631/- | - | 20,77,189/- | 5,72,442/- |
| 4 | રસોડા ફંડ | 59,83,282/- | - | - | 59,83,282/- |
| 5 | પુસ્તક પ્રકાશન ફડં | 36,75,763/- | 23,905/- | - | 36,99,668/- |
| 6 | ડીઝીટલ સાહિત્ય ફંડ | 30,11,089/- | - | 56,5051/- | 24,46,038/- |
| 7 | સામાજ કલ્યાણ ફંડ | 1,24,85,772/- | 14,50,063/- | - | 1,39,35,835/- |
| | કુલ | 4,08,71,089/- | 42,95,810/- | 37,36,848/- | 4,14,30,051/- |
| | ઊપજ ખર્ચ ખાતું | - | 23,44,213/- | 23,79,412/- | -35,199/- |

| | આશ્રમ ની થાપણો | સેવિંગસ ખાતા |
|---|---|---|
| બેંક ઓફ બરોડા (રાંદેર) | ૨,૫૮,૮૫,૨૧૧/- | ૫૧,૬૬,૦૩/- |
| બેંક ઓફ બરોડા (રામનગર) | - | ૧૬,૭૨૬/- |
| બેંક ઓફ બરોડા (જહાંગીરપુરા) | ૧,૦૯,૦૦,૦૦૦/- | ૬,૦૧,૮૪૭/- |
| બેંક ઓફ બરોડા (ફોરેન ડોનેશન, રાંદેર) | ૩૦,૪૭,૦૨૪/- | ૧૧,૨૬૬/- |
| એસ.બી.આઈ. (ફોરેન ડોનેશન, ન્યુ દિલ્હી) | - | ૭,૧૯૪/- |
| કુલ રૂા | ૩,૯૮,૩૨,૨૩૫/- | ૧૨,૫૪,૬૩૮/- |

(૧) રોકડ રકમ રૂા. ૧૯૯૯/- કે તેથી વધુ રકમનું રોકડ દાન ઈન્કમટેક્ષ ૮૦ G(૫) હેઠળ રાહતને પાત્ર નથી. ચેક આપવો ફરજીયાત છે.

(૨) ઈન્કમટેક્ષમાં બાદ લેવા માટે ચેક/રોકડા જમા કરાવનાર દાતાઓએ પાનકાર્ડ/સરનામું આપવું ફરજીયાત છે.

HARI OM ASHRAM

હવે આપ ગુગલ પે મારફત પણ આશ્રમને દાનની રકમ મોકલી શકો છે. પેમેન્ટ કર્યા બાદ પેમેન્ટનો સ્ક્રીન શોટ, એડ્રેસ, પાન નંબર વગેરે વિગતો આશ્રમના વોટસઅપ નંબર

**૯૭૨૭૭ ૩૩૪૦૦** ઉપર મોકલવા વિનંતી



# આભાર દર્શન :

સૌ પ્રથમ અમો આશ્રમમાં ૨૪ કલાક રહીને સેવા આપનાર આશ્રમના સેવકોનો અંતઃકરણપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ. તેઓ નિષ્ઠાપૂર્વક આશ્રમનો નિભાવ, મૌનાર્થીઓની તથા સ્વજનોની સેવા કરી રહયા છે.

વર્ષ દરમ્યાન આશ્રમનાં સંચાલનમાં મદદ કરનાર, રસોડાનાં અને ઓફિસ કાર્યાલયના ભાઈઓ-બહેનો તથા ગુરૂપૂર્ણિમાં અને રામનવમી ઉત્સવમાં સેવા આપનાર સૌ સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોનું પ્રિન્ટીંગ-બાઈન્ડિંગનું કામ સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડયા તથા તેમનો સમગ્ર સ્ટાફ ભકિતભાવે કરી રહયા છે, તેઓશ્રીની ઉત્કૃષ્ટ સેવાને કારણે જ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો સમાજમાં ઘણી જ ઓછી કિંમતે વેચાણમાં મૂકી શકીએ છીએ. તેઓની અમૂલ્ય સેવા બદલ અમો તેઓશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ. આ ઉપરાંત, પુસ્તક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ થનાર તમામ વ્યકિતઓના અમો અંતઃકરણપૂર્વક આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાના આજના ઉત્સવના યજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેવા યજમાન પરિવાર શ્રી હેમંતભાઈ અરવિંદલાલ મોદીનાં અમો ખૂબ ખૂબ આભારી છીએ. પૂજ્ય શ્રીમોટાની કૃપાથી આપનો પરિવાર વધુ ને વધુ પ્રગતિ કરી યશસ્વી બને અને આપ સૌને સુખ, શાંતિ, આનંદની ઉચ્ચત્તમ ભૂમિકા પ્રાપ્ત થાઓ એવી પૂજ્ય શ્રીમોટાને ચરણે પ્રાર્થના કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં સૌ સ્વજનો/દાતાઓ, સૌ કોઈ પોતપોતાની રીતે આશ્રમને સતત મદદરૂપ થાય છે. સ્વજનોના દાન વડે મૌનમંદિરોનું સંચાલન તેમજ લોકકલ્યાણનાં વિવિધ કાર્યો અને પુસ્તક પ્રકાશનનાં કાર્યો થઈ રહયા છે. અમો સૌ સ્વજનોને ખૂબ આદરભાવે વંદન કરીએ છીએ અને સૌનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આશ્રમ તરફથી વર્ષ ૨૦૨૩-૨૪ માં મૌનમંદિર શ્રેણીનુ પુસ્તક મૌન મંદિરનો મર્મનું ઓડિયો બુક રૂપાંતરણ ઉપરાંત પૂજય શ્રીમોટા રચીત દૈનિક પ્રાર્થનાઓનું સંગીતમય રૂપાંતર શ્રી ભાવિક પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. જે આશ્રમની યુટયુબ ચેનલ, વેબસાઈટ તથા પેનડ્રાઈવમાં ઉપલબ્ધ છે. ઓડિયો બુક બનાવવા માટે કલાકાર શ્રી ગૌરવ જોગી અને ડીજીટલ સાહિત્ય પ્રોજેકટના નિર્માણ માટે ઉદાર હાથે દાન આપવા બદલ USA સ્થિત શ્રી નિરંજનભાઈ સી. પટેલનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

સ્થળ : સુરત.
તા. ૨૮/૪/૨૦૨૪

લિ.
ટ્રસ્ટી મંડળ,
હરિઃૐ આશ્રમ, સુરત.

હરિઃૐ આશ્રમ કુરૂક્ષેત્ર, મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત–૩૯૫૦૦૫. મો. ૯૮૨૭૭ ૩૩૪૦૦

# યુવાન દોડવીરનું ઈનામ આપી સન્માન કર્યું







સુરતના યુવાન દોડવીર શ્રી સંદીપકુમાર કે જેઓએ એન્જીનિયરિંગનો અભ્યાસ કર્યો છે પરંતુ પોતાના રનિંગના શોખને કારણે તેમણે પોતાની એન્જીનિયર તરીકેની કારકિર્દીને તિલાંજલિ આપી રમત ગમત ક્ષેત્રે અનેક રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય મેરેથોન, અલ્ટ્રા મેરેથોન દોડ સ્પર્ધામાં જીત મેળવી છે. વધુમાં વધુ ભારતીયો યુવાનો જેઓ મિલિટરીમાં ટ્રેંઈનીગ લેવા ઈચ્છે છે તેઓ  દોડની પદ્ધતિસર તાલીમ મેળવે તેમજ યુવાનો દોડ ક્ષેત્રે પૂરતી પ્રેક્ટીસ કરી દેશ માટે ઓલમ્પિક વગેરે સ્પર્ધાઓમાં પણ આગળ વધે તે હેતુથી પોતે દોડની નિઃશુલ્ક તાલીમ આપી યુવાનોને પ્રોત્સાહિત કરે છે. તેમના સેવા ભાવનાના આ ગુણની કદર કરી રૂ. ૧,૦૦,૦૦૦/  નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

**કુલ ઈનામની રકમ :૧,૦૦,૦૦૦/-**
**ઠરાવ નં ૪૫૨૫, તારીખ ૨૮/૧૦/૨૦૨૩**

## હરિઃૐ આશ્રમ સુરત-નડિયાદ દ્વારા સયુંક્ત રીતે PRL સંસ્થાને રૂ. ૫ કરોડનું ફંડ એકત્ર કરી અર્પણ કરવામાં આવ્યું.





પૂજ્ય શ્રીમોટા જયારે ડો. વિક્રમ સારાભાઈના તા. ૩૦/૧૨/૧૯૭૧ ના રોજ થયેલા ઓચિંતા દેહાવસાન નિમિત્તે તેમના પત્નિ મૃણાલિનીબેનને આશ્વાસન આપવા માટે તેમના બંગલે ગયા ત્યારે ત્યાંથી જ ફોન કરી PRL સંસ્થાને રૂ. ૨ લાખનું કોર્પસ ફંડ આપી તેના વ્યાજમાંથી દર વર્ષે વૈજ્ઞાનિકોને એવોર્ડ આપવાની યોજના બનાવી જે આજ પર્યંત ચાલુ છે. પરંતુ હાલના સમયમાં વ્યાજદર ઘટવા અને મોંઘવારી વધવાને કારણે આ કોર્પસ ફંડ વધારવાની જરૂરિયાત જણાઈ જેથી વર્ષ ૨૦૧૮માં હરિઃૐ આશ્રમ નડિયાદ દ્વારા આ રકમ વધારવાં પ્રયાસ આદરવામાં આવ્યો પરંતુ ૩ થી ૪ વર્ષના સમયગાળામાં જોઈએ તેટલો ફાળો એકત્ર થઈ શકયો નહિ.


તા. ૧૮/૧૨/૨૦૨૨ ના રોજ નડિયાદ આશ્રમમાં શ્રી ઈન્દુકાકા શેરદલાલ, શ્રી કાર્તિકેયભાઈ અમીન અને હરિઃૐ આશ્રમ નડિયાદ અને સુરતના ટ્રસ્ટીઓની એક નાની મિટિંગ યોજવામાં આવી હતી. તે સમયે શ્રી ઈન્દુકાકાએ કહ્યું હતું કે પૂજ્ય શ્રીમોટાએ મને અનેક વાર કહેલું કે "ઈન્દુકાકા" જો મારી પાસે ૫૦ લાખ રૂપિયા હોય તો વિજ્ઞાનના કોઈ પણ મૂળભૂત પાયાના તત્વની શોધ કરનાર વૈજ્ઞાનિકોને હું હરિઃૐ આશ્રમ પ્રેરિત મીની નોબલ પ્રાઈઝ આપવાની યોજના કરું અને દર વર્ષે મૂળ રકમનાં વ્યાજમાંથી વૈજ્ઞાનિકોને એવોર્ડ મળતાં રહે. આ વૈજ્ઞાનિક મૂળ ભારતીય હોવો જોઈએ અત્યારે ભલે તે પરદેશમાં વસવાટ કરતો હોય પણ તેનું મૂળ ભારત સાથે જોડાયેલું હોવું જોઈએ. અત્યારે જો આવો મીની નોબલ પ્રાઈઝ આપવો હોય તો ઓછામાં ઓછા ૧૦૦ થી ૨૦૦ કરોડ રૂપિયા જોઈએ જેના વ્યાજમાંથી દર વર્ષે આ પ્રકારનો એવોર્ડ આપી શકાય.


ઈન્દુકાકાએ કહ્યું કે હાલના સંજોગોમાં આટલી મોટી રકમ એકઠી કરવી અને સરકાર સાથે આ પ્રકારનું સંકલન કરવું થોડું અઘરું જણાય છે, તેથી શ્રીમોટાએ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા માટે જે યોજના શ્રીમોટાએ જ પોતાની હયાતી દરમ્યાન PRL સંસ્થા સાથે બનાવી છે તેને જ હાલનાં ધોરણે વધુ મજબૂત કરવી જોઈએ તે માટે બંને આશ્રમ સંયુક્ત રીતે તા. ૩૦/૧૦/૨૦૨૩ સુધીમાં સ્વજનો પાસેથી જાહેર અપીલ દ્વારા રૂ. ૫ કરોડનું ફંડ એકત્ર કરી PRL સંસ્થાને સુપ્રત કરે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો.


વૈજ્ઞાનિકોને એવોર્ડ આપવાં માટે નિયત સમય મર્યાદામાં રૂ. ૫ કરોડનું ફંડ એકત્રિત કરવાનાં સંકલ્પને સાકાર કરવાં માટે દેશ વિદેશમાં વસતા અનેક સ્વજનોએ તન મન ધનથી આશ્રમને આ લક્ષ્યાંક હાંસલ કરવાં માટે મદદ કરી આ ફંડમાં એક રૂપિયાથી લઈને સવા કરોડ રૂપિયાનું દાન કરનાર આશરે ૧૬૦૦ થી વધુ દાતાઓની પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની શ્રધ્ધાના પરિણામે આ કાર્ય સફળ બન્યું છે.

હરિઃૐ આશ્રમ સુરત તરફથી વર્ષ ૨૦૨૩ના ઉત્સવમાં દાનમાં મળેલ તમામ રકમ PRL ફંડ માટે આપવામાં આવેલ હતી ઉપરાંત સુરત આશ્રમ સાથે સંકળાયેલ સ્વજનો દ્વારા ૧,૭૨,૮૩,૭૬૮/- અંકે રૂપિયા એક કરોડ બોતેર લાખ ત્યાંસી હજાર સાતસો અડસઠ ની રકમ દાનમાં આપી હતી.




## દાનની જાહેર અપીલ

# વૈજ્ઞાનિકોને સંશોધન માટે એવોર્ડ



| રકમ | પ્રાપ્ત થયેલ દાનની રકમ | ખૂટતી રકમ |
|---|---|---|
| પાંચ કરોડ ₹૫,૦૦,૦૦,૦૦૦ | ₹૫ કરોડ | ₹ ૦૦ લાખ |

"મને જેમણે જેમણે મને મદદ કરી છે મારું કામ કર્યું છે,
તેમનો તેમનો આભાર માનું છું.
ભગવાન તેમનું પરમ કલ્યાણ કરો."

-શ્રી મોટા

**આ ભંડોળ એકત્રિત કરવા માટે તન મન ધનથી સહકાર આપનાર સૌ સ્વજનોનો અંતઃકરણ પૂર્વક હૃદયથી આભાર માનીએ છીએ.**

હરિ:ૐ આશ્રમ, ટ્રસ્ટી મંડળ, નડિયાદ-સુરત

## નાના ખેડૂતોના હિત માટે કામ કરનાર સેવાભાવી યુવકનું સન્માન











વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકામાં બીલપુડી મુકામે આવેલ સંસ્થા મિટ્ટિધનના સંસ્થાપક ઉત્સાહી યુવાન શ્રી હિરેન પંચાલ પછાત વિસ્તારના નાના ખેડૂતોને મદદરૂપ થઈ  શકાય તેવા ઉમદા હેતુથી ઘણાં નવા નવા ખેતીના ઓજારોનું ઉત્પાદન તથા સંશોધનનું ઉત્તમ કાર્ય કરે છે તેમના કાર્યની નોંધ લઈ તેઓને રૂ. ૧,૫૧,૦૦૦/- ની રકમનો ચેક આપી ઉત્સવમાં તા. ૨૮/૦૪/૨૦૨૪ના રોજ સન્માનિત કરવામાં આવશે.

**કુલ ઈનામની રકમ : ૧,૫૧,૦૦૦ /– ઠરાવ નં ૪૫૬૭, તારીખ 30/03/૨૦૨૪**

# ૩૩મી વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા – ૨૦૨૪







પૂજ્ય શ્રીમોટાએ સમાજમાં હિંમત, સાહસ તથા અભયનો ગુણ ખીલે તે હેતુથી સમૂદ્ર તરણ સ્પર્ધાનું દર વર્ષે આયોજન કરવા માટે વર્ષ ૧૯૬૭માં ગુજરાત સરકારને રૂ. ૧.૨૫ લાખનું કૉર્પસ દાન આપ્યું હતું. જેના વ્યાજમાંથી વિજેતાઓને દર વર્ષે રોકડ પુરસ્કારો આપી પ્રોત્સાહિત કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. ભારતભરમાં સમુદ્ર તરણની પ્રથમ હરિફાઈ પૂજ્ય શ્રીમોટાએ ઈ.સ. ૧૯૬૭માં અરબી સમુદ્રમાં શરૂ કરાવી હતી. જે આજ પર્યંત ચોરવાડ થી વેરાવળ વચ્ચે ભાઈઓ માટે ૨૧ નોટિકલ માઈલ તથા બહેનો માટે ૧૬ નોટીકલ માઈલનાં અંતરની યોજવામાં આવે છે.

ઈંગ્લીશ ચેનલ તરી જનાર પ્રથમ ભારતીય મિહિરસેનનાં હાથે ગુજરાત યુથ બોર્ડના સહયોગથી પ્રથમ હરીફાઈ ઈ.સ. ૧૯૬૭માં ભરૂચથી ભાડભૂત વચ્ચે શરૂ કરવામાં આવી ત્યારબાદ નિયમિત રીતે ચોરવાડ થી વેરાવળ વચ્ચે આ તરણ સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે આ સ્પર્ધા ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ અરબી સમુદ્રમાં ૩૩મી વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા આયોજિત થઈ હતી આ વર્ષે કુલ ૨૪ ભાઈઓ અને ૧૩ બહેનો એમ ૩૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમાંકે બહેનોમાં સુરતની તાશા મોદીએ ૦૪ કલાક ૨૦ સેકન્ડમાં ૧૬ નોટિકલ માઈલનું તથા ભાઈઓમાં નિલય કાર્નિકરે ૦૫ કલાક ૦૫ મિનિટ ૫૫ સેકન્ડમાં ૨૧ નોટિકલ માઈલનું અંતર પૂર્ણ કર્યું હતું અત્યાર સુધીમાં હજારો સ્પર્ધકોએ આ હરીફાઈમાં ભાગ લીધો છે અને દેશ વિદેશમાં યોજાતી તરણ સ્પર્ધાઓમાં દેશનું નામ રોશન કર્યું છે. સમાજમાં સાહસનો ગુણ ખીલવવાની શ્રીમોટાની આ મૌલિક યોજના આજે કેટલાં વિશાળ ફલક પર વિસ્તરી રહી છે.

આ વર્ષે પ્રથમ વખત હરિઃૐ આશ્રમના ઈનામ ઉપરાંત ગુજરાત સરકાર તરફથી પણ વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે કુલ રૂ. ૨,૨૦,૦૦૦/- જેટલી ઈનામની રકમ આપવામાં આવી છે. જેથી ભાઈઓ તથા બહેનો બંને કેટેગરીમાં સ્પર્ધામાં પ્રથમ આવનારને ને રૂ. ૨,૫૧,૦૦૦/- દ્વિતીયને રૂ. ૨,૦૦,૦૦૦/- તથા તૃતીયને રૂ. ૧,૨૫,૦૦૦/- જેટલું ઈનામ આપવામાં આવ્યું છે. તદુપરાંત નિયત સમય મર્યાદામાં અંતર પૂરું કરનાર તમામને રૂ. ૯૯૯૯/ આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યું છે. અમુક સંજોગાવસાત ગુજરાત સરકાર દ્વારા આ સ્પર્ધા ૧૯૭૬થી દર બે વર્ષે યોજાય છે. તે હવેથી ફરીથી હરિઃૐ આશ્રમની વિનંતીથી સરકાર દ્વારા દર વર્ષે યોજાય તેવી શકયતા છે.

**કુલ સહાયની રકમ : ૧૧,૯૧,૦૦૦/–**
**ઠરાવ નં ૪૫૧૩, તારીખ ૨૪/૦૬/૨૦૨૩**

# માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરનારનું સન્માન






માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરનાર વડોદરાની યુવાન દીકરી નિશાકુમારીના સાહસને બિરદાવતાં તેના ગુણભાવની કદર કરી આશ્રમ તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- નો ચેક પુરસ્કાર તરીકે આપી પ્રોત્સાહિત કરવામાં આવી.

**કુલ ઈનામની રકમ :૧,૦૦,૦૦૦/–**
**ઠરાવ નં ૪૫૧૫, તારીખ ૨૬/૦૮/૨૦૨૩**

# વાંકલની શાળામાં વિવિધ સ્પર્ધાઓ માટે ઈનામો આપવામાં આવ્યા









શ્રી એન.ડી દેસાઈ સાર્વજનિક શાળા વાંકલમાં અભ્યાસ કરતાં કુલ ૬૧૮ બાળકોની નિબંધ, વકતૃત્વ, તેમજ ચિત્રકામની હરીફાઈ તા. ૨૬/૧૨/૨૦૨૩ના રોજ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં વિજેતા બાળકોને રોકડ પુરસ્કાર અને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

**કુલ ઈનામની રકમ : ૫૯,૮૦૦/- ઠરાવ નં ૪૫૪૯, તારીખ ૨૭/૦૧/૨૦૨૪**

## શ્રી રામ સી સ્વિમિંગ કલબ દ્વારા આયોજીત સમુદ્ર તરણ સ્પર્ધા ૨૦૨૪











તા. ૬-૭ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ પોરબંદર મુકામે શ્રી રામ સી સ્વિમિંગ કલબ દ્વારા ૧,૨,૫ અને ૧૦ કિ.મીનાં અંતરની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૬ વર્ષની ઉંમરથી લઈને ૮૫ વર્ષ સુધીના ૧૨૫૦ થી વધુ સ્પર્ધકોએ ઉમંગભેર ભાગ લીધો હતો. હરિઃૐ આશ્રમ સુરત દ્વારા વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે કુલ રૂ. ૯,૩૩,૪૨૬/- રકમના ઈનામો આપવામાં આવ્યા હતા. પૂજ્ય શ્રીમોટા કહેતાં કે અત્યારે હરિઃૐ આશ્રમ દ્વારા જે જે પ્રવૃત્તિ માટે દાન અપાય છે તે તો બહુ જ થોડી રકમ છે. તે એક બીજ રૂપે છે, ભવિષ્યમાં આવી યોજનાઓ વટવૃક્ષ બનશે.

ગુજરાતની પ્રજા ખડતલ બને, શૌર્યવાન બને અને સમાજમાં આરોગ્ય વિશે જાગૃતિ કેળવાય તે માટે પૂજ્ય શ્રીમોટાએ વિવિધ યોજનાઓ કરી હતી જેમ કે સમુદ્ર તરણ સ્પર્ધા, પર્વતારોહણ, દોડ સ્પર્ધા, સાયકલ સ્પર્ધા, જલદ ચાલ સ્પર્ધા વગેરે પ્રવૃતિઓ વિવિધ સંસ્થાઓ મારફતે કરાવતા અને હરીઃૐ આશ્રમ તરફથી વિજેતાઓને યોગ્ય રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરતા.

**કુલ ઈનામની રકમ : ૯,૩૩,૪૨૬/-**

**ઠરાવ નં ૪૫૨૧, તારીખ ૩૦/૦૯/૨૦૨૩**

# ૪૭મી પાવાગઢ ચઢાણ – ઉતરણ સ્પર્ધા – ૨૦૨૪










ગુજરાત વ્યાયમ પ્રચારક મંડળ, રાજપીપળા દ્વારા તા. ૦૭-૦૨-૨૦૨૪ નાં રોજ સવારે ૬.૦૦ વાગ્યે પાવાગઢ મુકામે આરોહ અવરોહણ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુલ ૧૨૨ ભાઈઓ અને ૮૦ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓએ ૯૦ મિનિટમાં અને બહેનોએ ૧૨૦ મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરવાની હતી. જેમાં ભાઈઓમાં વસાવા અનિલે ૫૯ મિનિટ ૦૫ સેકન્ડમાં તથા બહેનો માં કેવટ મેઘા રાજેશભાઈએ ૧ કલાક ૨૦ મિનિટ ૫૬ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધામાં કુલ ૪૦ વિજેતા ભાઈઓ તથા બહેનોને રોકડ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા .

**પ્રથમ ક્રમાંકે આવનાર સ્પર્ધકને રુ. ૧૫,૦૦૦/**

**દ્વિતીય ક્રમાંકે આવનાર સ્પર્ધકને રુ. ૧૧,૦૦૦/**

**તૃતીય ક્રમાંકે આવનાર સ્પર્ધકને રુ. ૯,૦૦૦/**

નિયત સમયમાં સ્પર્ધા પૂર્ણ કરનાર ચોથા નંબરથી ૨૦ નંબર સુધીના સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતાં.

**કુલ ઈનામની રકમ :૧,૬૦,૦૦૦/–**
**ઠરાવ નં ૪૫૫૪, તારીખ ૨૭/૦૧/૨૦૨૪**

# લવાછાની શાળાના બાળકોને
# વિવિધ સ્પર્ધાઓ માટે ઈનામ અપાયા




શ્રી ઝીણાભાઈ મકનજીભાઈ પટેલ હાઈસ્કૂલ, લવાછામાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓની તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ વકતૃત્વ, નિબંધ, ચિત્રકામ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૩૩૩ બાળકોએ ઉપરોકત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આશ્રમ તરફથી આ બાળકોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

**કુલ ઈનામની રકમ :૪૩,૬૦૦/–**
**ઠરાવ નં ૪૫૨૭, તારીખ ૨૮/૧૦/૨૦૨૩**

# ગામ મનપુરમાં શાળના બાંધકામ અંગે સહાય



દક્ષિણ ગુજરાતના નવસારી જીલ્લામાં સુરતથી આશરે ૧૧૦ KM દૂર વાંસદા તાલુકામાં મનપુર નામે ગામ આવેલ છે. સદર ગામ પછાત વિસ્તારમાં આવેલ છે. અહીં બાળકોને ભણવા માટે કોઈ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ ન હતી ત્યારે તેવા સંજોગોમાં આ વિસ્તારના શ્રી કાંતિભાઈ ગામીતને ગામનાં બાળકો માટે કંઈક કરી છુટવાની ભાવના મનમાં ઊભી થતા તેઓએ વર્ષ ૧૯૯૧-૯૨ ના સમયગાળામાં ફક્ત આઠ દસ બાળકોને લઈને નાનકડી શાળા શરૂ કરી. જેનું નામ આપ્યું પ્રજ્ઞા સૌરભ શાળા. આજુબાજુ નજીકના વિસ્તારમાં કોઈ શાળા ઉપલબ્ધ ન હોવાના કારણે તેમજ અહીં શાળામાં અપાતા ઉચ્ચ શિક્ષણને કારણે ધીમે ધીમે શાળામાં બાળકોની સંખ્યા વધતી ગઈ. માનવ સર્જન કેળવણી મંડળ સંચાલિત પ્રજ્ઞા સૌરભ શાળામાં આજની તારીખે આશરે ૫૯૭ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં સદર કેમ્પસમાં આવેલ આશ્રમશાળાના બાળકોનો પણ સમાવેશ થઈ જાય છે. આ શાળામાં બાળકોને ધોરણ એક થી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. શિક્ષણ ઉપરાંત અન્ય ઈત્તર પ્રવૃત્તિ જેવી કે ખેલકૂદ, લેખનકાર્ય વગેરે પણ કરાવવામાં આવે છે. શાળામાં બાળકોની સંખ્યા વધતા ભણવા માટે શાળાના ઓરડાઓની અછત ઊભી થઈ જેના કારણે નવા ઓરડા બાંધવાની તાતી જરૂરિયાત જણાઈ. આથી શાળાના સંચાલકોએ માધ્યમિક શાળાના ઓરડાઓ માટેનું બાંધકામ શરૂ કર્યું પરંતુ નાણાંની તંગીને કારણે સદર બાંધકામ અધવચ્ચે જ થંભી ગયું.

આ શાળાના આચાર્ય શ્રી રમણભાઈએ સાંભળેલું કે હરિઃૐ આશ્રમ પછાત વિસ્તારમાં શાળાના ઓરડાઓ અંગે સહાય કરે છે તેથી તેમણે **Google** ઉપર સર્ચ કરી હરિઃૐ આશ્રમ સુરતનો નંબર મેળવ્યો અને તે ઉપરથી હરિઃૐ આશ્રમનો સંપર્ક કરી શાળાના અધૂરા બાંધકામને પૂર્ણ કરવા હરિઃૐ આશ્રમ સુરતને મદદ માટે ટહેલ નાખી. શાળા તરફથી નિયત ફોર્મમાં અરજી કરવામાં આવતા આશ્રમ તરફથી શાળાની મુલાકાત લેવામાં આવી અને પૂરતી ચકાસણી બાદ સહાય કરવાનું યોગ્ય જણાતા શાળાનું અધુરું રહેલ બાંધકામ પૂરું કરવા રૂપિયા ૭,૫૦,૦૦૦/- ની સહાય મંજૂર કરવામાં આવી. ગત માસ દરમિયાન શાળા તરફથી માધ્યમિક વિભાગના ઓરડાઓનું બાંધકામ પૂર્ણ થતા હરિઃૐ આશ્રમ તરફથી શાળાની રૂબરૂ મુલાકાત કરવામાં આવેલ જેમાં બાંધકામ પૂર્ણ થયેલ હોવાનું જણાતા મંજૂર કરવામાં આવેલ રકમનો ચેક માનવ સર્જન કેળવણી મંડળને આપવામાં આવેલ છે. શાળા તરફથી હાથ ધરવામાં આવતી ઈતર પ્રવૃતિઓના ફળ સ્વરૂપ શાળાના એક વિદ્યાર્થીએ ખેલ મહાકુંભમાં ૪૦૦ મીટર, ૮૦૦ મીટર તેમજ ૧૫૦૦ મીટર દોડમાં ભાગ લઈ વિજેતા બનેલ છે અને તે વિદ્યાર્થી રાજ્ય કક્ષાએ ખેલ મહાકુંભમાં પસંદગી પામેલ છે જે માટે શાળાના શિક્ષકોનો અથાગ પરિશ્રમ કારણભૂત મનાય છે. હરિઃૐ આશ્રમ સ્વજન પરિવાર આ શાળા દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવે છે.

**કુલ સહાયની રકમ :૭,૫૦,૦૦૦/- ઠરાવ નં ૪૫૦૮, તારીખ ૨૯/૦૭/૨૦૨૩**

# વિવિધ સ્પર્ધાઓ માટે બાળકોને પ્રોત્સાહન









કૂદીયાણા કેન્દ્રવર્તી શાળાઓમાં સમાવિષ્ટ કૂદીયાણા, આડમોર, દાંડી, લવાછા, વેલુક, ભાંડુત, કુવાત, નરથાણ વિગેરે સ્કૂલમાં પ્રાથમિક વિભાગમાં ભણતાં કુલ ૬૯ બાળકોએ ચિત્રકામ, વકતૃત્વ, નિબંધ લેખન, વગેરે સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે વિજેતા બાળકોને પ્રોત્સાહન રૂપે રોકડ ઈનામ તથા સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

**કુલ ઈનામની રકમ : ૬૯,૦૦૦/- ઠરાવ નં ૪૫૩૪, તારીખ ૨૫/૧૧/૨૦૨૩**

# જલદ ચાલ તેમજ દોડ સ્પર્ધા માટે ઈનામો






શ્રી બટુકનાથ વ્યાયામ શાળા, ભરૂચના સહયોગથી શ્રવણ વિદ્યામંદિર મકતમપૂર દર વર્ષે બાળકોમાં ખડતલપણું કેળવાય તે હેતુથી લાંબા તથા ટૂંકા અંતરની દોડ સ્પર્ધાનું આયોજન કરે છે. આ વર્ષે કુલ ૪૭૬ બાળકો તથા વયસ્કોએ ૧ કી.મી થી લઈ ૫ કી.મી સુધીની હરીફાઈમાં ભાગ લીધો હતો. તેઓને પ્રોત્સાહિત કરવાં માટે હરિઃૐ આશ્રમ તરફથી રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સામાન્ય જનોમાં પણ આરોગ્ય વિષે જાગૃતિ વધે તે હેતુથી દોડ અને જલદ ચાલ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ૧૮ વર્ષથી લઈને ૮૫ વર્ષ સુધીના વયસ્કોએ હોંશે હોંશે ભાગ લીધો હતો. આ તમામ સ્પર્ધકોને પણ રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**કુલ સહાયની રકમ : ૧,૨૫,૧૦૦/–, ઠરાવ નં ૪૫૫૦, તારીખ ૨૭/૦૧/૨૦૨૪**

# હરિઃૐ આશ્રમ પ્રેરીત ૪૩મી સમુદ્ર હોડી સ્પર્ધા – ૨૦૨૪

ગુજરાતના સાગરકાંઠે વસતી પ્રજાના ખુમારીભર્યા વારસાને નજરમાં રાખીને હરિઃૐ આશ્રમ પ્રેરિત અને રાજ્ય યુવક બોર્ડ આયોજિત આ ૪૩મી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધાને ચાલુ વર્ષે દ્વારકાના જળ વિસ્તારમાં તા. ૧૧-૦૩-૨૦૨૪ના રોજ સવારે મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો અને તે જ દિવસે બપોરના ૩:૦૦ કલાકે દામજી જેટી બંદરે ભાગ લેનાર સ્પર્ધકો સન્માનીત કરવામાં આવ્યા હતા પ્રથમ આવનાર સુલ્તાન સલીમએ ૩.૦૦ કલાક ૩ મિનીટ માં અંતર પૂર્ણ કર્યું હતું.





આ હોડી સ્પર્ધાનું અંતર આશરે ૩૨ નોટીકલ માઈલનું હતું અને કુલ ૩૮ હોડીઓ આ સ્પર્ધામાં જોડાઈ હતી. સ્પર્ધકોની સંખ્યા ૧૧૪ હતી

આ સાહસલક્ષી સ્પર્ધામાં આ વિસ્તારના માછી ભાઈઓ પોતાની સઢવાળી હોડીઓ સાથે આ સ્પર્ધામાં ઝંપલાવ્યું ત્યારે તેમના પોરસ, પુરુષાર્થ અને અને ખમીરની ઝાંખી થઈ.



ગરવી ગુજરાતના વિવિધ સાગરકાંઠાના નાવિક, ટંડેલ, ખારવા તેમજ માછી ભાઈઓને પ્રતિ વર્ષ ઘર આંગણે આવેલા દરિયાઈ જળવિસ્તારમાં સાગર સાહસ સાથે સંકળાયેલા સાહસિક યુવાનોના ખમીરનાં પારખાં લેનારી આ હોડી સ્પર્ધાનું સાગર સાહસનું આ અનેરું સોપાન છે.



આપણી પ્રાચિન અને અર્વાચિન સાગર પરંપરા સાથે આપણા સાગરબાળ સતત સંપર્ક રાખે, તેને વિકસાવવા સતત જાગૃત રહે તે માટે પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાથી રાજ્ય યુવક બોર્ડ સમુદ્ર પ્રશિક્ષણ, અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા તથા સમુદ્ર હોડી સ્પર્ધા જેવા સાહસલક્ષી સાગર કાર્યક્રમો દ્વારા ગુજરાતના યુવાનોને તેમના પૌરૂષને પડકારતી તથા ખમીરને પ્રગટાવતી પ્રવૃત્તિઓમાં સંલગ્ન કરીને તેમનામાં શૌર્ય, સાહસ, ખેલદિલી, સમર્પણ સેવા અને સંઘભાવનાના ગુણે વિકસાવવાની અનન્ય તક પૂરી પાડે છે. દ્વારકાના દરિયાઈ જળમાર્ગે યોજાયેલ આ જીવ સટોસટની હોડી સ્પર્ધામાં સાગર સાહસના નવા વિક્રમો સ્થાપવા સૌ સાગરબાળોએ અવિરત સક્રિય પ્રયાસ કર્યો હતો. સાગરનો ખોળો ખૂંદનાર સૌ નવલોહિયા સાગર ખેડૂઓને આવકારતા આનંદ અનુભવીએ છીએ અને આ મંગલ અવસરે તેઓને તેમના આ સાહસમાં સફળતા માટે હરિઃૐ આશ્રમ તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી.



હરિઃૐ આશ્રમ, સુરત તરફથી આ સાહસિકોને નીચે મુજબના ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રથમ | : | ૨૧,૦૦૦/- | ક્રમાંક. ૪-૧૦ | : | ૧૦,૦૦૦/- |
| દ્વિતીય | : | ૧૮,૦૦૦/- | ક્રમાંક. ૧૧-૨૦ | : | ૯,૦૦૦/- |
| તૃતીય | : | ૧૫,૦૦૦/- | ક્રમાંક. ૨૧-૩૦ | : | ૭,૦૦૦/- |

**કુલ ઈનામની રકમ :૨,૮૪,૦૦૦/–**
**ઠરાવ નં ૪૫૫૫, તારીખ ૨૭/૦૧/૨૦૨૪**


ઓખાના દરિયામાં ૨૦ નો.મા.ની સઢવાળી હોડીની સ્પર્ધા યોજાઈ, ૩૮ સાહસિકોએ ભાગ લીધો

# ભોજનાલયના બાંધકામ અંગે સહાય





હરિઃૐ આશ્રમ સુરત તરફથી હંમેશા અંતરિયાળ વિસ્તારમાં જ્યાં પૂરતી સુવિધાનો અભાવ છે તેવા છેવાડાના વિસ્તારમાં જુદા જુદા કાર્યો માટે જરૂરીયાત મુજબ સહાય આપવામાં આવે છે સુરતથી અંદાજિત ૧૦૫ કિલોમીટર દૂર ભરૂચ જીલ્લાના નેત્રંગ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં થવા ગામ આવેલ છે. આ વિસ્તારના આદિવાસી બાળકો ભણી ગણીને સમાજમાં આગળ વધે અને સમાજને મદદરૂપ થાય તે હેતુથી બેચલર ઈન રૂરલ સ્ટડીઝ (B.R.S)નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ગામડાના ઘડતર માટે ઉત્તમ કેળવણી આપવા માટે ગ્રામ નિર્માણ કેળવણી મંડળ દ્વારા નૂતન ગ્રામ વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવેલ છે.

ભરૂચ જીલ્લાના પછાત વિસ્તારનાં આદિવાસી બાળકોના ઘડતર અને સારા સંસ્કાર સિંચવામાં નુતન ગ્રામ વિદ્યાપીઠનો સિંહફાળો રહેલ છે. ગામ થવામાં આવેલ નુતન ગ્રામ વિદ્યાપીઠના કુમાર છાત્રાલયમાં રહેતા આદિવાસી બાળકોને ભોજન લેવા માટેની ભોજનશાળા ખુબ જ જર્જરિત હાલતમાં હતી. આથી સંસ્થા તરફથી ભોજનાલયના બાંધકામ માટે સહાયની માંગણી કરવામાં આવતા હરિઃૐ આશ્રમ સુરત તરફથી ઉપરોક્ત સ્થળની મુલાકાત લેવામાં આવેલ અને સ્થળની મુલાકાત લીધા બાદ હરિઃૐ આશ્રમ સુરતના ટ્રસ્ટીમંડળની માસિક સભામાં ઉપરોક્ત નૂતન ગ્રામ વિદ્યાપીઠના બાળકો સમૂહમાં બેસીને આરોગ્યપ્રદ ભોજન આરોગી શકે તે માટે ભોજનાલય બનાવવા રૂપિયા ૫ લાખ સંસ્થાને આપવાનું ઠરાવેલ. ત્યારબાદ નૂતન ગ્રામ વિદ્યાપીઠ તરફથી ભોજનાલયનું બાંધકામ હાથ ધરી માર્ચ ૨૦૨૪ ના સમય ગાળામાં પૂર્ણ કરવામાં આવેલ જેની ખાતરી કરવા માટે હરિઃૐ આશ્રમના સ્વજનોએ સંસ્થા તરફથી બનાવવામાં આવેલ ભોજનાલયની મુલાકાત લીધેલ અને સદર કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયેલ હોવાનું જણાતા હરિઃૐ આશ્રમ સુરત તરફથી નૂતન ગ્રામ વિદ્યાપીઠ, ગામ થવાને રૂપિયા પાંચ લાખની સહાય આપી છે સદર ભોજનાલયની દિવાલ ઉપર નિયમ મુજબ સહાય મળ્યા અંગેની તકતી લગાડવામાં આવેલ છે.

**કુલ સહાયની રકમ : ૫,૦૦,૦૦૦/- ઠરાવ નં ૪૫૦૩, તારીખ ૨૪/૦૬/૨૦૨૩**

# પર્વતરોહકોનું સન્માન





વ્યકિતના વિશેષ ગુણની કદર કરવી અને તે લોકોને પ્રોત્સાહિત કરવા, તેમને પોરો ચડાવવો એ સમાજ ઉત્થાનનું અગત્યનું પાસુ છે તે માટે પૂજ્ય શ્રીમોટાએ વિવિધ મૌલિક યોજનાઓ કરી હતી, જેમાં તેમણે વૈજ્ઞાનિકોને એવોર્ડ આપવા, લાંબા અંતર સુધી સમુદ્રમાં તરણ સ્પર્ધા, મેરેથોન દોડ, સાયકલ સ્પર્ધા, નદીઓમાં તરણ સ્પર્ધા જેવી અનેક યોજનાઓ કરી હતી જે આજપર્યંત હરિઃૐ આશ્રમ દ્વારા ચાલુ છે.

પૂજ્ય શ્રીમોટા કહેતા કે

"પ્રમાણિકતા વફાદારી, હૃદય નિષ્ઠાથી મથતો જે વિજયના માર્ગની ચાવી તેને જરૂર મળંતી છે"

"ચિલે ચીલે તીન ચલે કાયર, કેર, કપૂત ચિલા છાન તીનું ચલે શાયર, શેર, સપૂત"

સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલિમ સંસ્થા, માઉન્ટ આબુ પ્રાયોજીત તા.૧૦/૦૮/૨૦૨૩ થી ૦૮/૦૯/૨૦૨૩ દરમ્યાન નિઃશુલ્ક શિખર આરોહણ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સંસ્થાના આચાર્યા શ્રીમતી રાજલ ડી. પટેલના નેતૃત્વ હેઠળ યશ ઈશ્વરભાઈ ડોબરીયા અને ચિરાગ સોલંકીએ ૪૫૮૦ મીટરની ઊંચાઈ આરોહણ કરી છે જ્યારે દિપીકા મોમજીભાઈ ચાવડા, પ્રિયા જયસુખભાઈ સોલંકી, નિકોઈ નાબિસી, દિવ્યરાજ હકુમતસિંહ ગોહિલ, ધવલ અર્જુનભાઈ ઉમટ વગેરેએ ૬૩૫૮ મીટર ઊંચાઈનું શિખર આરોહણ કર્યું છે અને સૌથી વધુ ઊંચાઈના શિખર પર આરોહણ કરનાર મનિષા મથુરભાઈ ચુડાસમા, વિક્રમસિંહ કે જાદવ, રાહુલ દાનાભાઈ ચૌહાણ કે જેમણે ૬૫૯૩ મીટરની ઊંચાઈના શિખર પર ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવ્યો છે. આમ પુરી ટીમે સફળતાપુર્વક આ અભિયાન પુર્ણ કરીને ગુજરાતનું ગૌરવ વધારેલ છે. આ અભિયાનના અનુભવો નીચે મુજબ છે.

(૧) સ્પીતીવેલી એ ડ્રાય એરિયા હોવાથી, ત્યાં ઓકિસજનનું પ્રમાણ ખુબ જ ઓછું રહે છે. જેના લીધે આ આરોહણ અભિયાનમાં ટીમને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

(૨) આ અભિયાનમાં દરેક ટીમ મેમ્બર્સે અંદાજે ૨૦ કિ.ગ્રા. વજન સાથે આરોહણ કરેલ, આ ઉપરાંત કેમ્પ ૧ થી કેમ્પ ૨ તથા કેમ્પ ૨ થી સમિટ કેમ્પ સુધી દુર્ગમ તથા પથરાળ વિસ્તાર હોવાથી ખચ્ચર ત્યાં જઈ શકે તેમ ન હોવાથી રાશન, ઈકયુપમેન્ટ વગેરેની લોડ ફેરી ટીમ મેમ્બર્સ દ્વારા જ કરવામાં આવતી.

(૩) માઉન્ટ મનીરાંગ વિસ્તાર લેન્ડ સલાઈડીંગ વાળો હોવાથી સતત પત્થરો પડવાની પક્રિયા ચાલુ રહેતી હતી. આવી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ ટીમે આરોહણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

(૪) સમિટના દિવસે રાત્રે ૧૧:૩૦ કલાકે સમિટ માટે ટીમે પ્રસ્થાન કર્યું. બીજા દિવસે બપોરે ૧૨:૦૦ કલાકે ટીમ સતત લેન્ડ સલાઈડીંગ વચ્ચે સ્ટીક તથા ટેકનિકલ આઈસ વોલ રોપની મદદથી ઝુમારીંગ કરીને ૬૩૫૮ મીટર સુધી પહોંચી, પરંતુ ટેકનિકલ કારણોસર આગળ ન વધી શકી અને સાંજે ૦૬:૩૦ કલાકે ટીમ સમિટ કેમ્પ પર પરત પહોંચી.

(૫) દ્રઢ મનોબળના કારણે એક દિવસના વિરામ બાદ ૩ ટીમ મેમ્બર્સ જાદવ વિક્રમ, ચુડાસમા મનિષા અને ચૌહાણ રાહુલ એ સમિટ એટેમ્પ્ટ માટે મંજુરી આપવામાં આવી. બીજા દિવસે સવારે ૧૦:૦૫ કલાકે માઉન્ટ મનીરાંગ શિખર (૬૫૯૩ મીટર) સર કરવાનું સૌભાગ્ય સાંપડ્યુ.




પર્વતારોહણ ક્ષેત્રે શિખર આરોહણ અભિયાન એ એવી પ્રવૃતિ છે કે ટીમ મેમ્બર્સ પૈકી કોઈપણ એક વ્યકિતનું સફળતાપૂર્વક શિખર સર કરવુ એ પુરી ટીમની સફળતા તરીકે નોંધ લેવાય છે.કારણ કે, એક વ્યકિત પાછળ દરેક મેમ્બર્સની મદદ હોય તો જ સફળતાપૂર્વક આરોહણ કરી શકે છે. હરિઃૐ આશ્રમ વતી તમામ પર્વતારોહકોને રૂ. ૯૯૯૯/ નો ચેક, શ્રીમોટાનો ફોટો અને શ્રીમોટા સાથે હિમાલય યાત્રા પુસ્તક અર્પણ કરી તેમને પૂજ્ય શ્રીમોટાના જન્મ દિન ઉત્સવમાં સનમાનિત કરવામાં આવ્યા છે. હિમાલયના દુર્ગમ શિખરો પર્વતારોહણ કરી આ યુવાનોએ જે શૌર્યનું કામ કરેલું છે તે ખરેખર ખૂબ જ પ્રશંસનીય અને પ્રેરણાદાયક છે

## કુલ ઈનામની રકમ : ૧,૦૯,૯૮૯/– ઠરાવ નં ૪૫૧૯, તા. ૩૦/૦૯/૨૦૨૩

# શ્રી એન.ડી દેસાઈ શાળા, વાંકલના બાંધકામ અંગે સહાય






સુરતથી આશરે ૭૦ કી.મી દૂર આવેલી શ્રી એન.ડી દેસાઈ સાર્વજનિક શાળા, વાંકલ, તા. માંગરોળ જી. સુરતમાં ગુજરાતી માધ્યમના ધોરણ ૧ ૧૨ ના વિદ્યાથ ઓ અભ્યાસ કરે છે. અંદાજિત ૪૦૦૦ થી વધુ આદિવાસી પછાત વિસ્તારના બાળકો છાત્રાલયમાં રહીને તેમજ ઘરેથી આવ જા કરીને અભ્યાસ કરે છે. શાળાનું શિક્ષણ ઘણાં ઊંચા સ્તરનું છે. વર્ષ ૨૦૨૩માં શાળાને જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ શાળા તરીકે બીજો ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. હાલના સાંપ્રત સમયમાં આ વિસ્તારના બાળકો માટે અંગ્રેજી માધ્યમમાં પણ અભ્યાસ કરી શકે તે હેતુથી અંગ્રેજી માધ્યમના બે નવા વર્ગો શરુ કરવામાં માટે કુલ ૧૭ લાખ રૂપિયાની જરૂરિયાત હતી.જે અંગે આવેલ સહાય અરજીના આધારે  હરિઃૐ આશ્રમના ટ્રસ્ટી મંડળ દ્વારા સંસ્થાનું રૂબરૂ નિરીક્ષણ કરવામાં આવ્યું અને તેમના રિપોર્ટના આધારે રૂ. પાંચ લાખની સહાય મંજુર કરવામાં આવી છે. શાળા અભ્યાસ ઉપરાંત ઈતર પ્રવૃતિઓ જેમ કે રમત ગમત તથા  નિબંધ, વકતૃત્વ, તેમજ ચિત્રકામ જેવી સ્પર્ધાઓ નિયમિતપણે યોજે છે. બાળકો ઘણા ઉત્સાહથી પૂજ્ય  શ્રીમોટા વિષે વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેતાં હોય છે.

કુલ સહાયની રકમ :૫,૦૦,૦૦૦/   ઠરાવ નં ૪૫૪૯, તારીખ ૨૭/૦૧/૨૦૨૪



## પૂજ્ય શ્રીમોટાનો અંતીમ પત્ર



‘‘જેમણે આ મારૂ છેવટનું કામ કર્યુ છે
તેમનો આભાર કયા શબ્દોમાં માનું ?’’
હૃદયની એવી ભાવના તો શ્રી ગુરુમહારાજની હોય.
તેમનો ભેટો ગુરુએ જ કરાવી આપ્યો છે.
મારા ઊંડા, હૃદયથી તેમનું ક્ષેમ કલ્યાણ થશે.
ભગવાન ભલું કરજો.

તા. ૨૨/૦૭/૨૦૨૩ – શ્રીમોટા